# જામનગરમાં એસઆઈઆરની કામગીરીમાં ફોર્મ નં. ૭ના પ્રશ્ને શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેકટરને પાઠવ્યું આવેદન

## ભાજપના ઈશારે કેટલાંક સરકારી કર્મચારીઓ ખોટા ફોર્મ ઘુસાડી દેતાં હોવાનો કોંગ્રેસ દ્વારા કરાયો આક્ષેપ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ચાલતી એસ.આઈ.આર. ની કામગીરી દરમિયાન ફોર્મ-૭ આધારિત મોટા પાયાના વાંધાઓ અંગે શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટર કચેરીએ રજૂઆત કરવામાં આવી હતી. જામનગર શહેરમાં એસ.આઈ.આર. ની કામગીરી દરમિયાન કોઈપણ અજાણી વ્યક્તિના નામે ફોર્મ નંબર -૭ માં અનેક વાંધાઓ રજૂ કરવામાં આવ્યા છે, જેમાં ભાજપના ઈશારે કેટલાક સરકારી કર્મચારીઓ પણ કામમાં મદદ કરી રહ્યા છે અને ખોટા ફોર્મ ઘુસાડી દેવાનો આક્ષેપ કરીને લેખિત વાંધાઓ સાથે રજૂઆત કરવામાં આવી છે. આ કામગીરીમાં ચોક્કસ કોમના લોકોના નામો કમી કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે, જેનો કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દિગુભા જાડેજા, જામનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ધવલભાઈ નંદા વગેરે ની આગેવાનીમાં જામનગર શહેર જિલ્લાના કોંગ્રેસના આગેવાનો, કોંગી કોર્પોરેટર, તથા કાર્યકરો વગેરે બહોળી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જઈ વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું છે, અને ઉગ્ર રજૂઆત કરી છે.

## જામનગર અને દરેડમાં જુગારના બે દરોડામાં ૧૧ પત્તાપ્રેમી પકડાયા

જામનગર : જામનગર શહેર અને દરેડમાં પોલીસે જુગાર અંગે બે સ્થળે દરોડા પાડ્યા હતા, અને ૧૧ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં આશાપુરા સર્કલ વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા રામભાઈ દેવાભાઈ ચાવડા, જયસુખભાઈ શાંતિલાલ સોનગરા, બાબુભાઈ ભવાનભાઈ બાવાજી, કરસનભાઈ હરદાસભાઇ ગોજીયા અને અકબર મહંમદ ભાઈ ખીરાની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૮૦૨૩૦ ની માલમતા કબજે કરી છે.

જ્યારે જામનગર નજીક દરેડ વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. જ્યાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા અમજદખાન ઈકરામખાન અબાસી, અબ્દુલ સૈયદ અબ્દુલ હાફિઝ કાદરી, સાકીર સમીરભાઈ, મોહસીન સાકીરભાઇ અનસારી, મુફત્યાજઅલી માસુકઅલી સૈયદ, અને સાજીદ બલ્લુખાન પઠાણની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૧,૩૫૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## જામનગર અને દ્વારકા જિલ્લાની ૧૦ નગરપાલિકાઓ પાસે ૫.૧૫ કરોડ વીજ બિલની રકમ વસુલવાની બાકી

જામનગર : પીજીવીસીએલની જામનગર વર્તુળ કચેરી દ્વારા હાલારના બંને જિલ્લાઓ જામનગર અને દેવભૂમિ દ્વારકાની કુલ ૧૦ નગર પાલિકાઓ પાસેથી તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ રૂ.૫૧૫.૩૨ લાખની વીજબિલની વસૂલાત બાકી રહે છે.

જેમાં ધ્રોલ નગરપાલિકા માં સ્ટ્રીટ લાઈટ ૩ જોડાણની રૂ.૦.૦૪ લાખ, કાલાવડ નગરપાલિકાની પાસેથી સ્ટ્રીટ લાઈટના ૩૨ જોડાણની રૂપિયા ૧.૪૭ લાખ,અને પાણીના ૬ વીજ જોડાણની રૂ.૨.૮૧ લાખ, સિક્કા નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના ૨૩ વીજ જોડાણની રૂ.૨૬.૭૧ લાખ અને પાણી માટેના ૮ વીજ જોડાણ રૂ. ૬૪.૭૨ લાખ, ખંભાળિયાના સ્ટ્રીટ લાઈટ વીજ જોડાણના ૩.૬૩ લાખ અને પાણીના ૨૨ વીજ જોડાણના રૂ.૧૬૫.૪૩ લાખ, સલાયા નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના ૯ જોડાણની રૂ. ૨.૯૨ લાખ અને પાણી માટેના પાંચ વીજ જોડાણની રૂ.૫૮.૯૧ લાખ, દ્વારકા નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટ ના ૨૮ જોડાણના રૂ.૧.૫૧ લાખ, અને પાણી માટે ના ૬ વીજ જોડાણ ના ૦.૦૬ લાખ , ઓખા નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના ૨૬ જોડાણના રૂ.૩૩.૫૬ લાખ , અને પાણી માટેના ૧૨ જોડાણના ૩૪.૧૫ લાખ, જામ રાવલ નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના ૧૦ વીજ જોડાણના ૩.૭૯ લાખ અને પાણી માટેના ૯ વીજ જોડાણના રૂ.૨૪.૩૮ લાખ , ભાણવડ નગરપાલિકાને સ્ટ્રીટ લાઈટના ૨૦ જોડાણ ના ૬.૯૦ લાખ અને પાણી માટેના ૧૦ જોડાણ જોડાણના ૮૦.૫૭ લાખ તેમજ જામજોધપુર નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના ૯ વીજ જોડાણના રૂ૩.૧૯ લાખ અને પાણી માટેના ૯ વિજ જોડાણના રૂ.૦.૫૫ લાખ મળી કુલ ૧૦ નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટ અને પાણી જોડાણના કુલ ૨૭૭ જોડાણ માટેના રૂ.૫૧૫.૩૨ લાખનું લેણું વસૂલવાનું બાકી છે.

## ખંભાળિયામાં એકતરફી પ્રેમ યુવાનની હત્યા પાછળનુ કારણ બન્યું

### બ્લેકમેલિંગ કરતા બે પુત્રી અને પિતાએ સાથે મળી કાસળ કાઢી નાખ્યું

ખંભાળિયા : ખંભાળિયામાં યુવાનની હત્યાના પ્રકરણમાં એકતરફી પ્રેમ કારણભૂત હોવાનો ઘટસ્ફોટ થયો છે. હત્યામાં ઝડપાયેલા પિતા અને બે પુત્રીની પોલીસ રિમાન્ડ દરમિયાન બહાર આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયાના ગુંદમોરા વાડી વિસ્તારમાં જશવંત અશ્વિનભાઈ ચોપડા નામના યુવાનની હત્યા નિપજાવવામાં આવેલ જે બનાવમાં પોલીસે પિતા અને બે પુત્રી સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી રિમાન્ડ મેળવેલ દરમિયાન મૃતકને કિરણબેન સાથે એકતરફી પ્રેમ હોય અને કિરણબેનના અમુક વિડિયો જશવંત પાસે હોય તેમજ બ્લેકમેલિંગ કરતો હોય જેથી તેનું કાસળ કાઢી નાખવામાં આવ્યું હોવાનું ખુલવા પામ્યુ છે.

## યાત્રાધામ દ્વારકામાં આજથી પૂ.મોરારીબાપુની રામકથાનો પ્રારંભ : ભવ્ય સ્વાગત



દ્વારકા : ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ અને પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે આજથી વિશ્વવિખ્યાત રામકથાકાર પૂજ્ય મોરારી બાપૂની રામકથાનો ભવ્ય પ્રારંભ થવા જઈ રહયો છે. આ ધાર્મિક મહોત્સવને લઈને સમગ્ર હાલાર પંથકમાં અને કૃષ્ણભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે.

ગઈકાલે બપોરે પૂજ્ય મોરારી બાપૂ સોમનાથથી હવાઈ માર્ગે દ્વારકાના રૂક્ષ્મણી મંદિર પાસેના હેલીપેડ ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં તેઓનું ઉપસ્થિત મહાનુભાવોએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. દ્વારકાધીશ મંદિરના પૂજારી ચિત્રાંયભાઈ દ્વારા બાપૂને ભગવાનના આશીર્વાદ સ્વરૂપે ઉપવસ્ત્ર ઓઢાડી વિશેષ સન્માન આવામાં આવેલ. સનાતન સેવા મંડળના સ્વામી કેશવાનંદજી મહારાજ દ્વારા પુષ્પહાર સાથે બાપુનું અભિવાદન કર્યું હતું. આજથી શરૂ થનાર રામકથામાં બહોળી સંખ્યામાં સ્થાનીય અને બહારગામથી ભાવિકો ઉમટી રામકથાના રસપાનનો લ્હાવો લેશે.

## હાપા માર્કેટિંગ યાર્ડમાંથી મોટરસાયકલની ઉઠાંતરી

જામનગર : જામનગરના હાપા માર્કેટ યાર્ડ વિસ્તારમાં એક યુવાને પોતાનું બાઇક પાર્ક કર્યું હતું. જ્યાંથી કોઈ તસ્કર ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

જામનગરના હાપા રેલવે સ્ટેશન નજીક ખારી વિસ્તારમાં રહેતા સાધનાબા ભરતસિંહ પરમાર કે જેઓની માલિકીનું રૂપિયા ૪૦,૦૦૦ ની કિંમતનું સ્પ્લેન્ડર મોટરસાયકલ તેના પુત્ર બ્રિજરાજસિંહ પરમારે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં જાહેર બાથરૂમની બાજુમાં પાર્ક કર્યું હતું. જે દરમિયાન કોઈ તસ્કરો ત્યાંથી મોટરસાયકલની ચોરી કરી લઈ ગયા હોવાથી મામલ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને અજાણ્યા તસ્કર સામે વાહનચોરી અંગેની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેને પોલીસ શોધી રહી છે.

## જામનગરમાં ૧૦૫ કરોડના ખર્ચે બનશે કન્વેન્શ સેન્ટર, ૨૧૮૪ લોકો માટે થશે બેઠક વ્યવસ્થા

જામનગર : રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે મહાનગરોનાં મેયર, ચેરમેનને રૂબરૂ બોલાવીને તમારા શહેર વિસ્તારોમાં કયા કયા વિકાસ કામ અને નવા પ્રોજેક્ટ માટે આશરે કેટલા નાણાની જરૂર પડશે તે અંગેની વિગતો માંગી હતી. વધુમાં

એમ પણ જણાવ્યું હતું કે ચાલુ થયેલા કામોમાં ઝડપ રખાવો, જામનગરમાં લાલપુર બાયપાસ ચોકડીથી આગળ જીઆઈડીસી વિસ્તારમાં રૂા.૧૦૫ કરોડ નાં ખર્ચે પ્રાદેશિક કન્વેશન્સ સેન્ટર બનાવવાનું બજેટમાં જાહેર કરાયું છે. અને તેનો ડીપીઆર ફાઇનલ તબકકામાં છે ત્યારે ટાઉનહોલ જેવા આ સેન્ટરમાં ૨૧૮૪ લોકો આરામદાયક સીટમાં બેસી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. અને ત્રણ સ્તરમાં આ મુખ્ય સંમેલન કેન્દ્રને વહેંચવામાં આવશે.

મ્યુ. કમિશનર ડી.એન.મોદી, સીટી ઈજનેર ભાવેશ જાની અને પ્રોજેક્ટ પ્લાનીગના રાજીવ જાની અને મનોજ રાઠોડ આ મુખ્ય સંમેલન કેન્દ્ર ઝડપથી બને તે માટે તૈયારી કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર ગ્રાઉન્ડ ફ્લોર પર બેક સ્ટેજની નજીક ૫૦ વીઆઈપી જગ્યા, ભોંયરામાં ૩૦૫, અને ૫૦ સામાન્ય ફોર વ્હીલર સ્લોટ અને ગ્રાઉન્ડ ફલોર પર ૪૩૦ ટુ વ્હીલર સહિતની વિશાળ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે.

વધુ ભીડ થાય તો તેના માટે બહુવિધ પ્રવેશ અને બહાર નીકળવાના બિંદુઓ પણ નક્કી કરાયા છે. પ્રદર્શન હોલ, બીઝનેશ ટોક એરીયા આશરે ૯૦૨ ચો.મી. માં ફેલાયેલો રહેશે. તેમજ ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર પર વિશાળ વેઈટીંગ લોન્જ ઉપલબ્ધ છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે. દરેક સ્તરે ટોયલેટ બ્લોક ની વ્યસ્થા કરવામાં આવી છે. સમર્પિત વીઆઈપી લોન્જ પુરૂષ અને સ્ત્રીઓ માટે અલગ અલગ ગ્રીનરૂમ અને ઓડીયો વીડીયો રેકોર્ડીંગ રૂમ કરવામાં આવશે. ઉપરાંત આ પરિસરમાં સૌર છતની સ્થાપના, રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ, મહેમાનો માટે અલગ વ્યવસ્થા, તેમજ વિશાળ ફુડ કોટ બનાવાશે. આ ઉપરાંત આ પરિસરમાં ૧૫ મી. અને ૭૫ મી. બન્ને રસ્તાઓ પરથી બેવડા પ્રવેશ અને બહાર નીકળવાના રસ્તાઓ પણ કરવામાં આવશે.

જયારે મુખ્ય કન્વેશન્સ સેન્ટર અને પ્રદર્શન બીઝનેશ ટોક હોલ માટે એચવીએસવી સુવિધાઓ, ધ્વનિયુકત હોલ, વ્યાપાક અગ્નિશામક પ્રણાલીઓ, તેમજ નાટકો, નૃત્ય પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યવસાયિક વાર્તાલાપ જેવા કાર્યક્રમો સમાવવા માટે બહુમુખી ડીઝાઈન કરવામાં આવશે તેટલુ જ નહિ અદ્યતન પણ રાખવામાં આવશે. આમ ધનવંતરી હોલ, ટાઉનહોલ, બાદ સૌથી મોટામાં મોટો ટાઉન હોલ જામનગરમાં બની રહ્યો છે જો કે આ કામમાં વધુ ઝડપ લાવી પડશે.

### સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ જામનગર દ્વારા

## જામનગરના આંગણે ૪૦માં સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન : ૧૧ નવયુગલો મંગલ ફેરા ફરશે

જામનગર : જામનગર શહેરમાં સામાજિક એકતા અને સેવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે કાર્યરત શ્રી સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ દ્વારા ૪૦માં ભવ્ય સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી તા. ૮/૨/૨૦૨૬ને રવિવારના રોજ ૧૧ નવયુગલો મંગલ ફેરા ફરીને સંસાર જીવનના પવિત્ર પથના પથીક બનશે. વર્તમાન સમયમાં જ્યારે લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ વધતા જાય છે ત્યારે સમસ્ત ખવાસ સમાજે આ ભવ્ય આયોજન દ્વારા સમાજને સાદગી અને એકતાના પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે.

વિક્રમ સંવત ૨૦૮૨ મહાવદ-૭ ના શુભ મુહૂર્તે યોજાનાર આ મંગલ પ્રસંગે નવદંપતિઓને આશીર્વાદ આપવા માટે ખવાસ સમાજના પાંચેય ફળીના પ્રમુખશ્રીઓ, ભામાશાઓ, દાતાશ્રીઓ, રાજકીય આગેવાનો અને સમસ્ત ખવાસ સમાજના ભાઈબહેનો સહિત આશરે ૫ હજાર જેટલી જનમેદની ઉમટી પડશે. આ લગ્નોત્સવની સમગ્ર લગ્ન વિધિ શાસ્ત્રીજી શ્રી કપીલભાઈ દિનેશભાઈ પંડયા (મુનીજી) દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરવામાં આવશે.

કાર્યક્રમની વિગતઃ તારીખઃ ૦૮-૦૨-૨૦૨૬, રવિવાર,સમયઃ સવારે ૭.૦૦ કલાકે (મંગલ પ્રારંભ), સ્થળઃ પ્રદર્શન ગ્રાઉન્ડ, જામનગર, કાર્યક્રમની રૂપરેખાઃ તા. ૮/૨/૨૦૨૬ ના રોજ ઉત્સવની શરૂઆતઃ સવારે ૭:૩૦ કલાકેઃ કધયા આગમન, સવારે ૮:૦૦ કલાકેઃ જાન આગમન, સવારે ૧૦:૩૦ કલાકેઃ હસ્ત મેળાપ (મહોત્સવની સૌથી મહત્વની ક્ષણ), લગ્ન વિધિ બાદઃ સર્વે મહેમાનો તથા દાતાશ્રીઓનું સત્કાર સમારંભ,બપોરે ૧૧:૩૦ કલાકેઃ ભોજન સમારંભ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે શ્રી સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ જામનગરના પ્રમુખ પંકજભાઈ સોઢા, ઉપપ્રમુખ મલ્હાર ભટ્ટી, ઉપપ્રમુખઅશોકભાઈ સોલંકી, મંત્રી રાજેશભાઈ ગોહિલ (આર.કે.), સહ-મંત્રી સુમિતભાઈ સોલંકી (એડવોકેટ), ખજાનચી એંજલભાઈ પરમાર તથા સંગઠન મંત્રી ભરતભાઈ સોલંકી તથા સમગ્ર કારોબારી સમિતિ તેમજ ખવાસ જ્ઞાતિ સંચાલીત યુવકો મંડળો, ગરબી મંડળો, મહિલા મંડળો જેવી નામી-અનામી સંસ્થાઓ, ખવાસ જ્ઞાતિના સભ્યો, આગેવાનો ખભેખભા મિલાવીને સેવા આપી રહ્યા છે અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી રહ્યા છે. આ ઉત્સવમાં સહપરિવાર પધારવા શ્રી સમસ્ત ખવાસ જ્ઞાતિ મધ્યસ્થ મંડળ, જામનગર દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સ્વામી વિવેકાનંદ સોસા.ના ડીફોલ્ટર સભાસદને એક વર્ષની સજા

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ લખન વ્રજલાલ ટીલાવતે સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપ્યો હતો. જે નાણાંના અભાવે પરત ફરતાં સોસાયટીના વકીલ દ્વારા તેની સામે અદાલતમાં ચેક રીટર્ન અંગેની ફરિયાદ નોંધાવી હતી.

જે કે અદાલત સમક્ષ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની જેલની સજા તેમજ રકમ રૂ ૧,૨૦,૦૦૦ ના દંડનો હુકમ ફરમાવ્યો છે.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**


**રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/01R2
તારીખ : ૦૩.૦૨.૨૦૨૬

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના વાંકાનેર યાર્ડ (ફેઝ-I હેઠળ) ની પેસેન્જર રનિંગ લાઈન્સની સુધારણા અને અપગ્રેડેશનના સંબંધમાં OHE મોડિફિકેશન કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૫૬,૪૫,૨૫૯.૬૨/- ફક્ત, **અર્નેસ્ટ મની:** ₹ ૧,૧૨,૯૦૦/- **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૦૨-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટીઆરડી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in
RJT-196
અમને ફોલો કરો: X x.com/WesternRly

### જામનગરના હાપા જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા

## ભોજલધામ ખાતે ૧૦ બાય ૧૦ ફૂટનો વિશ્વ વિક્રમી રોટલો બનાવવામાં આવશે



જામનગર : જામનગરના જલારામ સેવા ટ્રસ્ટ અને પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ તથા જલારામ મંદિર - હાપા દ્વારા જામનગર ખાતે પ.પુ. સંત શિરોમણી જલારામ બાપાને ૭ ફૂટ બાય ૭ ફૂટનો રોટલો બનાવી અર્પણ કરી વિશ્વ વિક્રમ નોંધાવવાનું ભગીરથ કાર્ય કરવામાં આવેલ હતું, તેજ રીતે અમરેલી જીલ્લાના ભોજલધામ (ફતેપુર-અમરેલી) ખાતે ઉજવણી થનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આવતીકાલ તા.૬ ફેબ્રુઆરીએ સમારોહના સમાપનમાં પૂજ્ય વંદનીય શ્રી જલારામબાપા જેમણે રોટલામાં રામ ભાળ્યા, તેમના સમર્થ ગુરૂદેવ પૂજ્ય શ્રી ભોજલરામ બાપાના ચરણોમાં ૧૦ ફૂટ બાય ૧૦ ફુટનો રોટલો બનાવી તેમને અર્પણ કરી વિશ્વ વિક્રમ નોંધાવવાનું કાર્ય કરવામાં આવશે. આ પ્રસંગે ભોજલધામના મહંત શ્રી ભક્તિરામ બાપુ તથા ભુપેન્દ્રભાઈ જોષી અને નિખીલભાઈ ઉપસ્થિત રહેશે.

આ વિક્રમી રોટલો પધરાવવાનો કાર્યક્રમ જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ દતાણી તથા જલારામ સેવા ટ્રસ્ટના નવનિતભાઈ સોમૈયા, ભાવેશભાઈ પટેલ અને વીરલભાઈ સોનીની ઉપસ્થિતીમાં આ વિશ્વ વિક્રમ ધર્મકાર્ય આયોજીત કરવામાં આવશે.

## ઓખામંડળ ક્ષત્રિય વાઘેર સમાજનું ગૌરવ



તસવીર : બુધાભા ભાટી

મીઠાપુર : ટાટા કેમિકલ્સ લિમિટેડ મીઠાપુરમાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા ક્ષત્રિય વાઘેર યુવાન ધર્મેશ રણમલભા કારાને ગુજરાત રાજ્ય સરકાર તરફથી 'શ્રમ ભૂષણ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે આયોજિત સમારોહમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને તેમની ટીમ દ્વારા તેમને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.

**ઓનલાઈન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા નં.૩૭ સને ૨૦૨૫-૨૬**

કાર્યપાલક ઈજનેરશ્રી, દેવભૂમિ દ્વારકા (મા.અને મ.)વિભાગ,ખંભાળીયા દ્વારા ૨ કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન તથા નર્મદા જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં જરૂરી કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીમાં પ્રવર્તમાન નિયમોનુસાર ૨ કામોના ઓનલાઈન ભાવો માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કીંમત રૂા.૭૨૧.૭૯ અને ૫૨.૧૧ લાખ છે. ભવિષયમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવાનો હશે તો ઓનલાઈન જ કરવામાં આવશે અને જે ધ્યાને રાખી ઈજારદારશ્રીઓએ ભાવો ભરવાના રહેશે.

ટેન્ડર ડોક્યુમેન્ટ કામ નં. ૧ માટે તા.૦૩/૦૩/૨૦૨૬ સુધી તથા કામ નં. ૨ માટે તા. ૧૯/૦૨/૨૦૨૬ સુધી વેબસાઈટ https://rnb.nprocure.com પરથી ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટનો સંપર્ક કરવો. તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

માહિતી/જામ/૯૨૩/૨૦૨૬

**જામનગર મહાનગરપાલિકા**
**:: ઓફર ફોર્મ નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની પ્રોજેકટ એન્ડ પ્લાનીગ શાખા (ફોન નં. ૨૫૫૦૨૩૧ એકસ. ૫૪૧) ધ્વારા નીચેના કામ માટે ઓફર ફોર્મ મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની પ્રોજેકટ એન્ડ પ્લાનીગ શાખામાંથી મળી શકશે. તા. ૦૬-૦૨-૨૦૨૬ થી મળી શકશે.

| ક્રમ | કામનું નામ | ઈ.એમ.ડી. (રૂા.) | ઓફર ફોર્મ ફી (રૂા.) |
|---|---|---|---|
| ૧ | રણમલ તળાવ, લાખોટા કોઠા મ્યુઝીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, સામાન્યસભા ગૃહ, મ્યુનિસિપલ ટાઉનહોલ, ભુજીયા કોઠા ખાતે રાખેલ આર.ઓ. સિસ્ટમ તથા વોટર કુલરનું ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાનું કામ | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- |
| ૨ | જામનગર મહાનગરપાલિકા હસ્તકના સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે જીમના નવા ઈકવીપમેન્ટ સપ્લાય તથા ફીટીંગ કરવાનું કામ | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- |
| ૩ | રણમલ તળાવ ખાતે રાખવામા આવેલ જનરેટરના ઓપરેશન મેઈન્ટેનન્સ તેમજ મટીરીયલ બદલવાનું કામ | ૧૦૦૦૦/- | ૧૫૦૦/- |

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/પી.એન્ડ પી./૨૭/૧૨૫/૨૫-૨૬
તા. ૦૪/૦૨/૨૦૨૬

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)